**શ્રી શ્યામ ઝેરોક્ષ**
અહીં કલર ઝેરોક્ષ,જમ્બો ઝેરોક્ષ
સ્પાયરલ બાઈડીંગ,લેમીનેશન,
સ્ટેશનરી, રબર સ્ટેમ્પ, વગેરે કામ કરનાર.
Mo. 9909890070
શ્રી લક્ષ્મી પેલેસ, બેંક રોડ, વ્યારા.

ભલ ભલાની ખબર લેતું...
RNI No. GUJGUJ/2005/21613

# ગુજરાત રક્ષા

GUJARAT RAKSHA (Weekly, Vyara)
(સાપ્તાહિક-વ્યારા)

દુકાન ભાડે આપવાની છે
અર્નવ પોઈન્ટ
૧૫X૩૦ગ્રાઉન્ડ + ફસ્ટ ફ્લોરની
દુકાન ભાડે આપવાની છે.
સુરતીબજારમાં રોડ ટચ દુકાન
ભાડે આપવાની છે.
સંપર્ક નંબર
૯૯૧૩૪૧૮૧૮૧,૯૬૩૮૭૨૮૧૮૧

તંત્રી : ધર્મેશ વાણી , મો.નં. ૯૩૭૭૫૩૭૦૦૦, સંર્ક્યુલેશન મેનેજર : કૈલાશ સૂર્યવંશી. ❖ "Social Media Edition" વાર : સોમવાર ❖ તા.૦૯-૦૯-૨૦૨૪ ❖ પાના : ૦૪ ❖ કિંમત : ૨ રૂપિયા ❖ લીગલ એડવાઈઝર : એડવોકેટ જીગ્નેશ પાટીલ.
કાર્યાલય : ૪, મોદી બાળકોની હોસ્પિટલની નીચે, પહેલા માળે, વૈભવ કોમ્પ્લેક્ષ, વૈભવ સીનેમાની બાજુમાં,વ્યારા -૩૯૪૬૫૦, જી.તાપી (ગુજરાત). Website : www.gujaratraksha.com, Email : gujaratraksha@yahoo.co.in

# PM મોદી ની 'જેમ્સ બોન્ડ'જેમ રશિયા-યુક્રેન યુદ્ધમાં એન્ટ્રી



## PM મોદીએ સોંપી મહત્ત્વની જવાબદારી, રશિયાના રાષ્ટ્રપતિ સાથે વાતચીત પછી બન્યો પ્લાન?

તમે જેમ્સ બોન્ડ વિશે સાંભળ્યું છે? બ્રિટિશ જર્નાલિસ્ટ અનેનોવેલિસ્ટ ઈયાન ફ્લેમિંગે એક ફિક્શનલ કેરેક્ટર બનાવ્યું. જેને તેણે જેમ્સ બોન્ડ નામ આપ્યું. આ જેમ્સને નવલકથાઓમાં એક સિક્રેટ એજન્ટ તરીકે દર્શાવ્યો છે અને તે બ્રિટન સહિત દુનિયાના અનેક દેશોમાં અનેક કેસો પોતાના તેજ દિગામથી સોલ્વ કરી લે છે. બસ આ જ જેમ્સ બોન્ડ નરેન્દ્ર મોદી પાસે પણ છે. અને હવે તે રશિયા-યુક્રેન યુદ્ધને અટકાવવા મામલે આ અઠવાડિયે વાતચીત કરવા માટે મોસ્કોની મુલાકાતે જશે.PM મોદી રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને અટકાવવા માટે શાંતિપૂર્ણ ઉકેલ લાવવા માટે સતત તરફેણ કરી રહ્યા છે. તેમણે ઘણી વખત કહ્યું છે કે ભારત આ માટે દરેક પહેલ કરવા તૈયાર છે. આ દરમિયાન રશિયા યુદ્ધના શાંતિપૂર્ણ રીતે ઉકેલ માટે ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ શાંતિદૂત બનીને મોસ્કો જશે.રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ (NSA અજિત ડોભાલ) રશિયા-યુક્રેન યુદ્ધને અટકાવવા મામલે આ અઠવાડિયે વાતચીત કરવા માટે મોસ્કોની મુલાકાતે જશે. સ નરેન્દ્ર મોદીએ છેલ્લા બે મહિનામાં રશિયા અને યુક્રેન બંનેની મુલાકાત લીધી હતી અને તેમના નેતાઓ વ્લાદિમીર પુતિન અને વોલોદિમીર ઝેલેન્સકી સાથે યુદ્ધવિરામ અંગે ચર્ચા કરી હતી. બંને દેશો વચ્ચે શાંતિ સ્થાપવા મધ્યસ્થી માટે વિશ્વ ભારત તરફ જોઈ રહ્યું છે.રશિયાના રાષ્ટ્રપતિ સાથેની વાતચીત બાદ પ્લાન ઘડવામાં આવ્યોયુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકી સાથેની મુલાકાતના થોડા સમય પછી, વડાપ્રધાને ૨૭ ઓગસ્ટના રોજ રાષ્ટ્રપતિ પુતિન સાથે ફોન પર વાત કરી હતી. રશિયન દૂતાવાસના એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ફોન કોલ દરમિયાન વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રપતિ પુતિનને તેમની હાલની કિવ મુલાકાત વિશે માહિતી આપી હતી અને રાજકીય અને રાજદ્વારી માધ્યમથી યુક્રેનનો ઉકેલ લાવવાની ભારતની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો. આ દરમિયાન વ્લાદિમીર પુતિને યુક્રેન અને તેમના પશ્ચિમી સંરક્ષકોઓની વિનાશક નીતિઓ બાબતે ચર્ચા અને આ સંઘર્ષને ઉકેલવા બાબતે પોતાનો અભિગમ જણાવ્યો હતો.સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ફોન કોલ દરમિયાન નેતાઓએ નક્કી કર્યું કે દ્વજીછ ડોભાલ શાંતિ મંત્રણા માટે મોસ્કો જશે. આ મુલાકાતના કાર્યક્રમ વિશે હાલમાં કોઈ વિગતો ઉપલબ્ધ નથી.રશિયાએ પણ ભારતને મોટો મધ્યસ્થી ગણાવ્યો છેઈટાલીના વડાપ્રધાન મેલોનીનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જયારે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ભારતને તે દેશોની યાદીમાં સામેલ કર્યું છે જેની સાથે તેઓ યુક્રેન સાથેના વિવાદ પર ચર્ચા કરે છે અને વિવાદને ઉકેલવાના પ્રયાસની તરફેણ કરે છે.રશિયાના રાષ્ટ્રપતિ પુતિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે પણ કહ્યું છે કે યુક્રેન સાથે રશિયાની વાતચીતને સરળ બનાવવામાં ભારત મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે, કારણ કે ભારત કૂટનીતિ દ્વારા વિવાદોને ઉકેલવામાં માને છે.વડાપ્રધાન મોદીએ કહ્યું, ભારત હંમેશાં શાંતિના પક્ષમાં રહ્યું છે વડાપ્રધાન કાર્યાલયે જણાવ્યું હતું કે બંને નેતાઓએ રશિયા-યુક્રેન યુદ્ધ પર વિચારો જણાવ્યા હતા. વડાપ્રધાને યુદ્ધને અટકાવવા માટે સ્થાયી અને શાંતિપૂર્ણ રીતે ઉકેલ લાવવા માટે મહત્ત્વપૂર્ણ વાતચીત કરવા પર ભાર મૂક્યો હતો. વડાપ્રધાને ઠ પર તેમના સત્તાવાર હેન્ડલ પર ×યુદ્ધનો ઝડપી, સ્થાયી અને શાંતિપૂર્ણ સમાધાન×ને સમર્થન આપવા માટે ફરીથી ભારતની મક્કમ પ્રતિબદ્ધતા જણાવી હતી. ગયા મહિને, વડાપ્રધાન યુક્રેન ગયા હતા અને રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકીને મળ્યા હતા. બેઠક દરમિયાન બંને પક્ષોએ રશિયા-યુક્રેન યુદ્ધ અંગે ચર્ચા કરી હતી. વડાપ્રધાન મોદીએ કહ્યું, ભારત હંમેશાં શાંતિના પક્ષમાં રહ્યું છે.રાષ્ટ્રપતિ પુતિને તે ત્રણ દેશોમાં ભારતનું નામ આપ્યું છે જેની સાથે રશિયા યુક્રેન યુદ્ધ મામલે સંપર્કમાં છે. પુતિને કહ્યું, ×અમે અમારા મિત્રો અને ભાગીદારોનો આદર કરીએ છીએ, મારું માનવું છે કે, આ યુદ્ધ સંબંધિત તમામ મુદ્દાઓ, મુખ્યત્વે ચીન, બ્રાઝિલ અને ભારત દ્વારા તેનું નિરાકરણ લાવવા ઈચ્છીએ છીએ. હું આ મુદ્દે મારા સહયોગીઓ સાથે સતત સંપર્કમાં રહું છું.

### રાજ્યમાં રખડતા ઢોરને કારણે વધુ એક અકસ્માત

# મોરબીના બંધુનગર પાસે આખલા સાથે ડમ્પર અથડાઈને અર્ટિગા કાર ઉપર પટકાતાં ત્રણ યુવાનના મોત



**મોરબી તા. ૮ :** મોરબી શહેર અને જિલ્લામાં રજડતા ઢોરના કારણે અવારનવાર નાના મોટા અકસ્માત સર્જાતા હોય છે પરંતુ હવે તો નેશનલ હાઈવે રોડ ઉપર પણ રજડતા ઢોર આટાફેરા મારતા હોય અવારનવાર ત્યાં પણ અકસ્માતો સર્જાય છે તેવી જ રીતે આજે વહેલી સવારે વાંકાનેર બાજુથી મોરબી તરફ ડમ્પર આવી રહ્યું હતું ત્યારે ડમ્પર આડે આખલા આવ્યો હતો જેથી તેની સાથે ડમ્પર અથડાયું હતું અને ત્યારબાદ તે ડમ્પરના ચાલકે સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવી દેતા સામેના રોડ ઉપરથી પસાર થતી અર્ટિગા કાર ઉપર તે પટકાયુ હતું જેથી કરીને આર્ટિકા કારના ચાલક સહિત કુલ ત્રણ વ્યક્તિઓના મોત નીપજયાં છે અને મહિલા અને તેની દીકરીને ઈજા થતાં તેઓને સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા છે મોરબી સમગ્ર ગુજરાતની અંદર રજડતા ઢોરનો પ્રશ્ન દિવસેને દિવસે વિકરાળ બનતો જાય છે અને અગાઉ આ મુદ્દે હાઈકોર્ટે પણ આખરી ટીકાઓ કરી છે તેમ છતાં પણ રજડતા ઢોરની સમસ્યાનો ઉકેલ તંત્ર દ્વારા લાવવામાં આવતો નથી તેવામાં આજે સવારે મોરબી વાંકાનેર નેશનલ હાઈવે રોડ ઉપર બંધુનગર ગામ પાસે રજડતા ઢોરના કારણે જીવલેણ અકસ્માત સર્જાયો છે જેમાં ત્રણ વ્યક્તિઓના મોત નીપજ્યા છે અને બે વ્યક્તિને ગંભીર ઈજા થતાં તે બંને સારવાર હેઠળ હોવાનું જાણવા મળી રહ્યું છે વધુમાં પોલીસ સૂત્રો પાસેથી જાણવા મળતી માહિતી પ્રમાણે મોરબી વાંકાનેર હાઈવે રોડ ઉપર વાંકાનેર તરફથી ડમ્પર આવી રહ્યું હતું જે પલટી મારીને વાંકાનેર તરફ જઈ રહેલી આર્ટિકા કાર ઉપર પડતા આ અકસ્માતનો બનાવ બન્યો છે અને અકસ્માતના બનાવમાં કારમાં જ રહેલા યુવાન તથા ડમ્પરમાં બેઠેલ બે વ્યક્તિ આમ કુલ ત્રણ વ્યક્તિના મોત નીપજયાં છે. વધુમાં સુત્રો પાસેથી જાણવા મળતી વખતે પ્રમાણે ગમખ્વાર અકસ્માતના આ બનાવમાં મોરબીમાં આવેલ ઉમા ટાઉનશીપ ખાતે રહેતા તુષારભાઈ બાલુભાઈ માલવિયા (૩૦), જાંબુવાના રહેવાસી વરૂણભાઈ ઉર્ફે ગુડુ વાસકલે (૨૮) અને એમપીના રહેવાસી મહેશ સિંગાર (૨૩) નામના ત્રણ યુવાનોના મોત નીપજયાં છે જો કે, અકસ્માતના આ બનાવમાં ગંભીર રીતે ઈજા પામેલ સુવિધાબેન તુષારભાઈ માલવીયા (૨૪) અને તેની દીકરી દીના તુષારભાઈ માલવીયા (૯) ને ઈજા થયેલ હોવાથી તેઓને ૧૦૮ મારફતે તાત્કાલિક સારવાર માટે મોરબીની ખાનગી હોસ્પિટલ માં લઈને આવ્યા છે અને અકસ્માતના આ બનાવની મોરબી તાલુકા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે બનાવની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે વધુમાં સ્થળ ઉપર હાજર રહેલા લોકો પાસેથી જાણવા મળતી વિગત પ્રમાણે આર્ટિકા ગાડી મોરબી તરફથી વાંકાનેર બાજુ જવાના રસ્તા ઉપરથી પસાર થઈ રહી હતી ત્યારે વાંકાનેર બાજુથી ડમ્પર મોરબી તરફ આવી રહ્યું હતું. દરમિયાન બંધુનગર ગામ પાસે તે ડમ્પર પહોંચ્યું હતું અને તે ઓવર સ્પીડમાં હોય નેશનલ હાઈવે રોડ ઉપર તે ડમ્પરની આડે આખલો આવ્યો હતો જેથી કરીને તેની સાથે ડમ્પર અથડાતા ડમ્પરના ચાલકે તેના વાહનના સ્ટેરીંગનો કાબુ ગુમાવ્યો હતો જેથી કરીને તે વાહન ડિવાઈડર કૂદીને સામેના રોડ ઉપરથી પસાર થતી આર્ટિકા કાર ઉપર પડ્યું હતું જેથી કરીને આ જીવલેણ અકસ્માત સર્જાયો છે અને મોરબીથી સુરત જઈ રહેલ દંપતી ખંડિત થયેલ છે. આ બનાવમાં પોલીસે ફરિયાદ લેવા માટેની તજવીજ હાથ ધરી છે.

## સીબીઆઇનો સનસનીખેજ દાવોઃ કેજરીવાલના ઇશારે શરાબ નીતિમાં ફેરફાર થયો, લાંચ મગાઇ

**નવી દિલ્હી, તા.૯** આબકારી નીતિ કૌભાંડમાં સીબીઆઈએ પાંચમી અને અંતિમ ચાર્જશીટ દાખલ કર્યા બાદ પોતાની તપાસ પુરી કરતાં દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલને મુખ્ય કાવતરાખોર ગણાવ્યો છે. સીબીઆઈએ આરોપ લગાવ્યો હતો કે કેજરીવાલ પાસે અગાઉથી જ આબકારી નીતિનું ખાનગીકરણ કરવાનો પૂર્વ નિર્ધારિત વિચાર હતો. જેને ભ્રષ્ટાચારના આરોપો બહાર આવ્યા બાદ રદ કરી દેવામાં આવ્યા હતા. માર્ચ ૨૦૨૧ના મહિનામાં પાર્ટી 'આપ' માટે નાણાંકીય સમર્થનની માંગ કરી જ્યારે સહ આરોપી મનીષ સિસોદીયાના અધ્યક્ષતાવાળા જીઓએમ દ્વારા નીતિ તૈયાર કરવામાં આવી રહી હતી.સીબીઆઈએ આરોપ લગાવ્યો હતો કે તેમના નજીકના સહયોગી અને આરોપી વિજય નાયરના મીડિયા સંચાર પ્રભારી દિલ્હી આબકારી વ્યવસાય માટે વિભિન્ન હિતધારકતા સાથે સંપર્ક કરી રહ્યા હતા. અનફુલ આબકારી નીતિ માટે તેમની પાસેથી લાંચ માગી રહ્યા હતાં.

## કચ્છમાં ફેલાયેલા અજાણ્યા રોગથી હાહાકાર, એક જ સમુદાયના ૧૨ના જીવ ગયા

ભુજઃ કચ્છમાં વરસેલા આફતરૂપી ભારે વરસાદ બાદ પાણીજન્ય બીમારીઓ ચિંતાજનક રીતે માથું ઊંચકી રહી છે અને ખાનગી તેમજ સરકારી દવાખાનાઓ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે તેવામાં લખપત તેમજ અબડાસાના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારો ઉપરાંત છૂટીછવાઈ વાંઢમાં દાયકાઓથી સ્થાયી થયેલા જત માલધારી પરિવારોના સભ્યોના કોઈ ભેદી બીમારીમાં સપડાઈને ટપોટપ મોત થવા લાગતાં ભારે ચકચાર મચી ગઈ છે.જિલ્લા આરોગ્ય તંત્ર પાસેથી મળેલી માહિતી મુજબ ગત પાંચ દિવસમાં જ ૧૨ લોકોના મૃત્યુ થયાં છે, જે પૈકી ચાર મૃત્યુ આજે નોંધાયાં છે. વધુ પાંચ લોકોને આજે ભુજની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયાં હોવાનું અને મૃતકોમાં પાંચ બાળકો અને ૬ યુવાન મૃતકોમાં ૯ પુરુષ અને ૪ સ્ત્રી દર્દી છે, જૈ પૈકી પાંચથી ૧૩ વર્ષની ના ત્રણ છોકરાં અને બે છોકરી મળી પાંચ બાળકો, ૧૮થી ૪૪ વર્ષના ૬ યુવાન દર્દીઓ અને એક ૫૦ વર્ષના દર્દીનો સમાવેશ થાય છે. ૧૨ મૃતકો પૈકી ૮ દર્દીના ભુજની ખાનગી અને સરકારી હોસ્પિટલમાં, એકનું દયાપર સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં તથા અન્ય ત્રણ લોકોના ઘરે મૃત્યુ નીપજ્યાં હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.આ અત્યંત ચિંતાજનક બાબત અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. રવીન્દ્ર ફૂલમાલીએ જણાવ્યું હતું કે, મૃત્યુ પામી રહેલાં એકજ મુસ્લિમ જત સમાજના સભ્યો છે. મોટાભાગનાં મૃતકોમાં ન્યૂમોનિયા જેવી શ્વસન તંત્રને લગતી સમસ્યા જોવા મળી હતી. આ લોકોના મૃત્યુ ન્યૂમોનાઈટીસથી થયાં છે, સ્વાઈન ફ્લુ જેવા વાયરલ સંક્રમણથી કે અન્ય કોઈ કારણે તે હજુ સ્પષ્ટ થયું નથી. પરિસ્થિતિની ગંભીરતા પારખીને રાજ્યના નાયબ નિયામક (એપિડેમિક) ડૉ. જે.એમ. કતીરાએ જિલ્લા આરોગ્ય તંત્રને ગત શુક્રવારે કેસના ઈન્વેસ્ટીગેશન અને એનાલિસીસ માટે મેડિકલ કૉલેજ કક્ષાના મેડીસીન, પીએસએમ પેથોલોજી, માઈક્રોબાયોલોજીના તજજ્ઞોની ટીમ મોકલી આપવા હુકમ કર્યો છે અને રવિવારના રોજ ગાંધીનગર અને રાજકોટથી પણ ખાસ ટુકડીઓ અસરગ્રસ્ત વિસ્તારોમાં આવી રહી હોવાનું કુલમાલીએ ઉમેર્યું હતું. દરમ્યાન, છેલ્લાં બે દિવસથી તાલુકા સબ સેન્ટરની મેડિકલ ટુકડીઓ તથા રોગચાળા નિયંત્રણ અધિકારી ડૉ. કેશવકુમાર દ્વારા આ ભેદી રોગચાળો કેવી રીતે ફેલાઈ રહ્યો છે તે અંગે જત પરિવારોના લોકોની લાળ સહિતના સ્વૉબ તથા બ્લડ સેમ્પલ મેળવાયાં છે. ત્રીજી ઑગસ્ટના રોજ બેખડોના બે સગાં ભાઈ સહિત ત્રણ યુવકોના મૃત્યુ બાદ આ સિલસિલો શરૂ થયો છે.

# ડોસવાડા પાસે રેલવે અંડર બ્રિજમાં વરસાદી પાણી ભરાતા વાહનચાલકોને ભારે મુશ્કેલી



**સોનગઢ,**સોનગઢ - બંધારપાડા સ્ટેટ હાઈવે પર ડોસવાડા ગામ નજીક થી પસાર થતી તાપ્તી વેલી રેલવે લાઈન પર રેલવે ફાટક આવેલ છે. રેલવે ફાટક થઈ અંદાજિત ૪૦ કરતા વધુ ગામના લોકો અને વાહનચાલકો પસાર થતા હોય આ સ્થળે કાયમી ટ્રાફિક જામ રહેતો હતો અંતે અહીં રેલવે લાઈન પર અંડરબ્રિજનું કામ મંજૂર કાયું છે અને તેનું કામ પાંચ વર્ષ કરતાં વધુ સમયથી ચાલી રહ્યું છે. આ કારણે સ્ટેટ હાઈવે બંધ કરવામાં આવ્યો છે જેથી વાહનચાલકો માટે અંદાજિત એકાદ કિલોમીટરના ચકરાવો સાથેનો ડાયવર્ઝન રોડ શરૂ કરવામાં આવ્યો છે અને એ રોડ રેલવે લાઈનના નાના અંડરબ્રિજ માંથી પસાર થાય છે.આ અંડરબ્રિજની આસપાસ પાકો રસ્તો છે પરંતુ અંડરબ્રિજમાં અને તેની આસપાસ પડેલ મોટા ખાડા પૂરવાના બાકી છે એ સાથે ડાયવર્ઝન રોડ પણ ઠેક ઠેકાણે ધોવાઈ ગયો છે. હવે અંડરબ્રિજમાં નાળાઓ અને વેકળાઓ માંથી વરસાદી પાણી આવી રહ્યા છે અને એનો યોગ્ય નિકાલ થતો ન હોય બ્રિજમાં અંદાજિત એક-દોઢ ફૂટ જેટલા પાણી કાયમી ધોરણે ભરાઈ રહે છે. આ એકત્રિત થતા પાણીને કારણે ટુ વ્હીલર અને કારચાલકોએ પાણીમાંથી પોતાના વાહનો પસાર કરવા ઘણી મુશ્કેલી પડી રહી છે. આ રસ્તો બંધારપાડા ગામ તરફ જતા ઘણા ગામના લોકો માટે ઘણો ઉપયોગી છે ત્યારે સરકારી અને રેલવે તંત્ર તાકીદે કામગીરી હાથ ધરે અને લોકો અને વાહન ચાલકોની મુશ્કેલી દૂર કરે એવી માંગણી ઉભી થઈ છે. દર ચોમાસાના સમયમાં આ અન્ડરબ્રિજમાં પાણી ભરાઈ જતાં હોય છે જેથી વાહન ચાલકો અને રાહદારી ઓને ઘણી મુશ્કેલી પડતી હોય છે.આ સમસ્યાના સમાધાન માટે રેલવે ફાટક પાસેના અન્ડરબ્રિજની કામગીરી ઝડપ થી પૂર્ણ કરાવવામાં આવે એ જરૂરી છે. સુનિલ ગામીત, યુવા અગ્રણી, ખરસી અન્ડરબ્રિજમાં પાણી હોય મુશ્કેલી પડે છે

# આખરે ત્રણ માસે વાલોડ મામલતદાર કચેરી ગેટ સામે પાઇપ લાઇન રિપેર કરવાનું શરૂ



**વાલોડ,**વાલોડ મામલતદાર કચેરીના ગેટની સામે છેલ્લા ત્રણ માસથી પીવાના પાણીની પાઈપ લાઈન લીકેજ હતી, બહાર નીકળેલુ પાણી ગંદુ પાણી ફરીથી પાઈપ લાઈનમાં જતું રહેતું હતું, સમસ્યાનું નિવારણ કરવા ગ્રામ પંચાયતના સભ્યોને જાણ કરી કામગીરી થઈ જશે તેવું મન મનાવી લીધું હતું, પરંતુ છેલ્લા ત્રણ માસથી કામગીરી ન થઈ હોવાને કારણે પાણી લીકેજને કારણે કચેરીના ગેટ સામે જ ખાડો પડ્યો હતો અને મામલતદાર કચેરીમાં આવતા જતા વાહનો ખાડામાંથી પસાર થતા હતા, લીકેજ અંગે કાર્યવાહી કરવાને બદલે માત્ર રાહ જોવાઈ રહી હતી. તાલુકાની મુખ્ય કચેરી હોય લોકોની રોજ અવર-જવર હોવાને કારણે ખાડો અને પાણી માથાનો દુખાવો સમાન હતું. ગ્રામ પંચાયતના પદાધિકારી ઓ રોજ પસાર થતા હોવા છતાં રસ દાખવ્યો ન હતો. સ્થાનિકો દ્વારા સભ્યો કે પદાધિકારીઓને જાણ કરી હતી. તેમ છતાં કામગીરી થઈ ન હતી, આખરે દિવ્ય ભાસ્કરમાં ૨૯ ઓગસ્ટે સમાચાર પ્રકાશિત થતા તલાટી તથા સરપંચની ઓળખ હતી કે સમસ્યાનું નિરાકરણ એક જ દિવસમાં કામગીરી કરતા હતા તેમણે કામગીરી કરવા દિવસે કામગીરી કરવા મુહુર્ત કાઢ્યુ છે, આજરોજ સરપંચ વિજયાબેન નાઈકની દેખરેખમાં કામગીરી શરૂ કરી છે. આજ સુધી માત્ર લાઈટના પ્રશ્નો અંગેના રજીસ્ટર બનાવવામાં આવતા હતા, આ સમાચાર પ્રકાશિત થતાં ગટર, પીવાના પાણીની પાઈપ લાઈનના પ્રશ્નો માટે સમસ્યા અંગેના રજીસ્ટર બનાવાયા છે, જેથી કોઈ પણ સમસ્યા રજીસ્ટરમાં લખાશે જેનું તાત્કાલિક નિરાકરણ કરાશે. આજ સુધી માત્ર લાઈટ માટે જ રજિસ્ટર હતુ

# ડાંગમાં વિદ્યાર્થીઓએ ડમ્પિંગ સાઈડને ખસેડવા આવેદન આપ્યું

**ભાડે જમીન લઈ કચરાનો સંગ્રહ કરી નિકાલ કરીએ છીએ ગ્રામ પંચાયત પાસે પોતાની જમીન નથી. અમે ખાનગી ખેડૂતની જમીન ભાડે લઈ કચરાનો અહીં નિકાલ કરતા આવ્યા છીએ. સરકાર અમને કચરાનાં નિકાલ માટે જમીન ફાળવણી કરે તો અમે અહીંથી અન્ય સ્થળે ડમ્પિંગ સાઈડ બનાવીશું. । હરિરામ સાવંત, ઉપસરપંચ, આહવા ગ્રા.પંચાયત.**

**વઘઈ,તા.૦૬:** વઘઈ ડાંગ જિલ્લા કલેકટરને શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા ડમ્પિંગ સાઈડને અન્ય જગ્યાએ ખસેડવા આવેદન પાઠવી માંગણી કરી હતી. આહવા ગ્રામ પચાયત દ્વારા હાલમાં આહવા ગાંધી કોલોની પાછળનાં ખાનગી ખેડૂતની જમીન ભાડે લઈ તેમાં કચરાનો નિકાલ કરવામાં આવે છે. અહીં ભીનો-સુકો કચરો નાંખવામાં આવતો હોવાથી તેનો ઢગલો અહીં જ કરવામાં આવે છે. જેની સાથે પ્લાસ્ટીકનો કચરો પણ અહીં નાંખવામાં આવે છે. ગ્રામ પંચાયતનાં કામદારો પ્લાસ્ટીક નાં કચરાનાં સળગાવ તા હોવાથી જેનો ધુમાડો હવામાં ફેલાઈ છે, જે નજીકમાં આવેલ સરકારી માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ગુંગળામણ અનુભવે છે તથા આરોગ્ય માટે જોખમકારક છે. આ અંગે શાળાનાં વિદ્યાર્થીઓ અને આચાર્યએ વારંવાર આહવા ગ્રામ પંચાયતમાં ફરિયાદ કરી હતી, જેનો નિકાલ આજદિન સુધી આવ્યો નથી. ગુરૂવારે સરકારી માધ્યમિક શાળા આહવામાં શિક્ષક દિનની ઊજવણી કરી હતી. જેમાં શાળાનાં વિદ્યાર્થીઓએ લેખિત જિલ્લા કલેકટરને કચરાનાં ઢગલાં ડમ્પિંગ સાઈડ અન્ય જગ્યાએ ખસેડી યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી કરી હતી.

# ઉકાઇના પાથરડા ગામની સીમમાંથી મળી આવેલ અજાણ્યા પુરૂષના વાલી વારસોની ભાળ મળે તો ઉકાઈ પોલીસને જાણ કરશો



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** તાપી જીલ્લાના ઉકાઈ પો.સ્ટે. અ.મોત.નં. ૧૪/૨૦૨૪ મ્હજીજી કલમ- ૧૯૪ મુજબ આ કામે મરણ જનાર તા.૦૫/૦૬/૨૦૨૪ કલાક.-૧૬/૩૦ વાગ્યા પહેલા હરકોઈ વખતે એક અજાણ્યો પુરૂષ ઈસમ ઉ.વ આશરે ૩૦ થી ૩૫ વર્ષ જેના નામ સરનામાની ખબર નથી તે આજ રોજ તા.૦૫/૦૯/૨૦૨૪ના સવારના સાતેક વાગેના સુમારે પાથરડા ગામની સીમમાંથી પસાર થતી નદીના પાણીમાં મરણ ગયેલ હાલતમાં મળી આવેલ છે. જે નદીના પાણીમાં ડુબી ગયેલ હોવાથી ફુલી ગયેલ છે. જે શરીરે મધ્યમ બાધાનો રંગે શ્યામ વર્ણનો તેમજ શરીરે ઉઘાડો છે. જે પાથરડા ગામની સીમમાંથી પસાર થતી નદીના પાણીમાં મરણ ગયેલ હાલતમા મળી આવેલ હોય જે મરણ ગયેલ અજાણ્યા પુરૂષના કોઈ વાલી વારસ મળી આવેલ નથી. મરણ ગયેલ અજાણ્યા પુરૂષ કે તેના વાલી વારસની ભાળ મળે તો ઉકાઈ પોલીસ સ્ટેશન ટેલિફોન નંબર ૦૨૬૨૪ ૨૩૩૨૩૬ ઉપર જાણ કરવા વિનંતી છે.

# નિઝર, કુકરમુંડામાં શિક્ષકોના પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવા માંગણી



**કુકરમુંડા,** કુકરમુંડા તાપી જિલ્લાના નિઝર અને કુકરમુંડા તાલુકામાં ગત ગુરુવાર ના રોજ શિક્ષણ દિન નિમિતે આમ આદમી પાર્ટી દ્વારા સરકારી અને ખાનગી શાળાના શિક્ષકોના અનેક પડતર પ્રશ્નો અને સમસ્યાઓને લઇ મામલત દાર મારફ્તે ગુજરાત મુખ્ય મંત્રીને આવેદન પત્ર આપવામાં આવ્યું છે. આપ દ્વારા જણાવ્યું હતું. કે, દુઃખની વાત એ છે. કે, આજે શિક્ષકોની હાલત ખુબ જ દયનીય છે. શિક્ષકોના અનેક પડતર પ્રશ્નો તેમજ સમસ્યાઓ છે. જેનું નિરાકરણ થતું જ નથી. આમ આદમી પાર્ટી દ્વારા વિવિધ પ્રશ્નોની માગ સાથે જણાવ્યું હતું. કે, ખાનગી શાળાના શિક્ષકોને એમની લાયકાત અને પરિશ્રમ અનુસાર વેતન મળે તેવી વ્યવસ્થા ઉભી કરવી અને રજાના યોગ્ય લાભ પણ આપવામાં આવે. સરકારી શિક્ષકોને શિક્ષણ સિવાયના કામોમાંથી મુક્તિ આપવામાં આવે. સરકારી શાળાઓમાં ખાલી પડેલ જગ્યાઓ ભરીને TAT -TET પાસ બેરોજગારને ન્યાય આપવા. ચિત્ર, સંગીત, વ્યાયામ અને કોમ્પ્યુટરના શિક્ષકોની ભરતી કરીને એ ક્ષેત્રના શિક્ષકોને ન્યાય આપવામાં આવે તેમજ બાળકોમાં આ કૌશલ્યોનો વિકાસ કરવામાં આવે. જ્ઞાન સહાયક યોજના તેમજ પ્રવાસી શિક્ષક યોજના જેવી છેતરપિંડી કરતી યોજના બંધ કરવામાં આવે. તેવાં અનેક પ્રશ્નોની માંગણી સાથે આવેદન આપવામાં આવ્યું છે.

# કડોદરામાં કોમ્પ્યુટરના નાણાં ન ચૂકવી છેતરપિંડી કરનાર બે ઝબ્બે




**બારડોલી,** બારડોલી સુરત શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં કોમ્પ્યુટર અને તેના સામાનની છેતરપિંડી કરી લોકોને છેતરતા બે શખ્સોને કડોદરા પોલીસે ઝડપી પાડ્યા છે. પોલીસે આરોપીઓ પાસેથી કોમ્પ્યુટર તેમજ અન્ય સામાન મળી ૭.૨૫ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે.સુરતના વિરલ કાંટાવાલાએ કડોદરાના સ્વાગત કોમ્પ્લેક્સમાં ગોપાલભાઈ નામના વ્યક્તિને ત્રણ કોમ્પ્યુટર સેટ આપ્યા હતા. બદલામાં ગોપાલભાઈએ વિરલભાઈને ૭૯૯૪૭ રૂપિયાનો ચેક આપ્યો હતો, જે બાઉન્સ થઈ ગયો હતો. વિરલભાઈએ આ અંગે ૨૯-૮-૨૦૨૪ના રોજ કડોદરા જીઆઈડીસી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજ, સીડીઆર એનાલિસિસ અને ખાનગી બાતમીના આધારે કેસ ઉકેલ્યો હતો. પોલીસે સુરતના જનકભાઈ વિનુભાઈ ઘેલાણી (રહે બી/૮૦૩, ઈંફિનિટી પાર્ક, સીમાડા નાકા, સુરત) અને મનીષભાઈ વિનુભાઈ ઝિયાણી(રહે ૧૦૧, સરળ હાઈટ, પાસોદરા પાટિયા, કામરેજ, સુરત)ને બાતમીના આધારે ઝડપી પાડ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી ૨૪ મોનીટર, ૧૨ સીપીયુ, ૧૨ કી-બોર્ડ, ૯ માઉસ, એક મોટર સાઈકલ અને બે મોબાઈલ ફોન મળી કુલ ૭.૨૫ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આરોપીઓ સુરત શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં અલગ અલગ જગ્યાએ જઈને કોમ્પ્યુટર અને તેના સામાનની ઓર્ડર આપતા હતા. પછી ખોટા ચેક આપીને છેતરપિંડી કરીને સામાન લઈ જતા હતા. પોલીસે બંને ની ધરપકડ કરીને તેમની સામે ગુનો નોંધ્યો છે.

# બારડોલીમાં માજી નગર સેવકે સરકારી જમીન પર મકાન બાંધ્યાનો આક્ષેપ



**બારડોલી,**બારડોલીમાં માજી નગરસેવક બચુભાઈ રવજીભાઈ રાઠોડ સામે ગંભીર આરોપ લગાવવામાં આવ્યો છે. સ્થાનિક રહીશોએ આરોપ લગાવ્યો છે કે, માજી નગરસેવકે જોગી ફળિયામાં આવેલી નગરપાલિકાની સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે ચાર માળનું મકાન બાંધ્યું છે. આ મામલે સ્થાનિક રહીશોએ નગરપાલિકા પ્રમુખ ધર્મેશ પટેલને આવેદનપત્ર આપીને કાર્યવાહી કરવાની માંગ કરી છે.બારડોલીમાં સરકારી જમીન પર અનધિકૃત કબજાના અનેક કિસ્સાઓ સામે આવ્યા છે. ત્યારે આ નવો મામલો નગરપાલિકા માટે પડકારરૂપ બની શકે છે. સ્થાનિક રહીશોએ આરોપ લગાવ્યો છે કે, માજી નગરસેવકે પોતાના પદનો દુરુપયોગ કરીને આ જમીન પર કબજો જમાવ્યો છે. સ્થાનિક રહીશોએ નગરપાલિકા પાસેથી માંગ કરી છે કે, આ મામલે ઝડપી અને ન્યાયી કાર્યવાહી કરવામાં આવે.

# ઓરવાડમાં ટ્રક રોડ નીચે ઉતરી ખાડામાં ખાબકી



**પારડી,તા.૦૬:** પારડીના ઉદવાડા ઓરવાડ અનાવિલ હોલ પાસે નેશનલ હાઈવે નંબર ૪૮ પરથી ગુરુવારના રોજ બપોરે ત્રણેક વાગ્યાની આસપાસ એક ટ્રક નં ઈન્ન ૧૪ ધ્ન ૩૬૯૫ મુંબઈ તરફ જઈ રહી હતી ત્યારે આ ટ્રક ચાલકે એક કારને બચાવવામાં રોડ નીચે ઉતારી હતી અને જેના પર કાબૂ ન રહેતા ટ્રક રોડ સાઈડે આવેલા એક ખાડામાં ખાબકી ગઈ હતી.મોટા ખાડામાં ટ્રક પડ્યા બાદ પણ ટ્રક પલટી મારતા બચી હતી. અને સદનસીબે ચાલક અને ક્લીનરનો બચાવ થયો હતો.

# વ્યારા પાલિકામાં વરસાદથી થયેલા નુકસાનમાં સહાય આપવા કલેક્ટર રજૂઆત

**વ્યારા,** તાજેતરમાં વ્યારા નગરમાં આવેલા પૂરને લઈને નગર પાલિકાના વિવિધ વિસ્તારો માં નુકસાન થયું હતુ જેને લઈને કારોબારી સમિતિના અધ્યક્ષ દિલીપ ભાઈ જાદવે કલેકટર ને વરસાદમાં નુકસાન થયેલ વોર્ડ નંબર પાંચ, વોર્ડ નંબર ચાર અને વોર્ડ નંબર સાતના રહીશોને આર્થિક સહાય ચૂકવવા રજૂઆત કરી હતી.

નગરપાલિકા કારોબારી સમિતિના અધ્યક્ષ દિલીપભાઈ જાદવ એ કલેકટરને કરેલી રજૂઆતમાં જણાવ્યા મુજબ ૦૨/૯/૨૪ નાં રોજ તાપી જિલ્લામાં ધોધમાર વરસાદ આવેલ હોય, જેમાં વ્યારા ના વોર્ડ નંબર-૫ માં જેમાં વિશેષથી વડ ફળિયું, વેગી ફળિયુ.શંકર ફળિયુ, પાટ ફળિયુ, દાદરી ફળિયુ તથા વોર્ડ નં.૪, આશાવાડી અને વોર્ડ નં.૭ નવી વાસાહત ફળિયામાં વરસાદના કારણે નગરના તળાવ અને રિવરફ્રન્ટથી મીંઢોળા નદીનું પાણી આ વિસ્તારના ૧૫૦ ઘરો માં જીવન જરૂરિયાતની વસ્તુઓને મોટાભાગે નુકસાન થવા પામેલ છે. વધુમાં આ વિસ્તારના લોકો ખૂબ જ ગરીબ વર્ગ થી આવતા છે. નાના મોટા ધંધા રોજ કમાઈને પોતાનો ગુજરાન ચલાવે છે જેથી તેમની આર્થિક રીતે મદદ કરવા અપીલ કરી હતી.

ગુજરાત રક્ષા

**તંત્રી સ્થાનેથી**

## હરિયાણામાં ભાજપ માટે સાફસૂફીની મોટી તક

એક સમયે આયારામ ગયારામ એટલે કે પક્ષપલટુઓ માટે પંકાયેલું હરિયાણા ફરી અસલી રંગમાં આવી રહ્યું છે અને વિધાનસભાની ચૂંટણી જાહેર થતાં જ પક્ષપલટાનો દૌર શરૂ થઈ ગયો છે. આ પક્ષપલટામાં સૌથી વધારે અસર ભાજપને થઈ રહી છે. હરિયાણામાં વિધાનસભાની ચૂંટણી ૫ ઓક્ટોબરે થવાની છે અને આ માટે ભાજપની પ્રથમ યાદી જાહેર થતાં જ બગાવતની સ્થિતિ પેદા થઈ ગઈ છે.ભાજપે બુધવારે સાંજે ૬૭ ઉમેદવારોની યાદી જાહેર કરી તેની થોડી જ મિનિટોમાં જ ભાજપના નેતાઓનાં ધડાધડ રાજીનામાં પડવા માંડ્યાં. સોશિયલ મીડિયા પર એક પછી એક પાર્ટીના નેતાઓએ રાજીનામાની જાહેરાત કરવા માંડી અને શુક્રવાર લગી આ સિલસિલો ચાલુ રહ્યો હતો. ભાજપની પહેલી યાદી જાહેર થયાના ૪૮ કલાકથી ઓછા સમયમાં ૪૦ જેટલા મોટા મનાતા નેતાઓએ ભાજપને અલવિદા કહી દીધું છે.ભાજપે ગયા વખતે ટિકિટ આપેલી તેમાંથી ૪૦ જેટલા નેતાઓને આ વખતે કાપી નાખ્યા છે ને તેમાં ૩ મંત્રી પણ છે. ભાજપે પહેલી યાદી જાહેર કરી રાજીનામાં આપનારામાં ૧ મંત્રી, ૧ ધારાસભ્ય, ૫ પૂર્વ ધારાસભ્યોનો સમાવેશ થાય છે અને તેમાં સૌથી મોટું નામ હરિયાણાના ઊર્જા મંત્રી રણજિત ચૌટાલાનું છે. ચૌટાલાનું પત્તું ભાજપે કાપ્યું એ સાથે જ ચૌટાલાએ પોતાના સમર્થકોની બેઠક બોલાવીને પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું અને અપક્ષ તરીકે ચૂંટણી લડવાની જાહેરાત કરી નાખી.રણજીત ચૌટાલા ભૂતપૂર્વ નાયબ વડા પ્રધાન ચૌધરી દેવીલાલના પુત્ર છે. લોકસભા ચૂંટણી પહેલા ભાજપે તેમને પાર્ટીમાં લઈને હિસારથી ચૂંટણી લડાવી હતી પણ ચૌટાલા ચૂંટણી હારી ગયા હતા. ચૌટાલા પોતે ખાલી કરેલી સિરસાની રાણિયા વિધાનસભા બેઠક પરથી ટિકિટ માગી રહ્યા હતા પણ ભાજપે ટિકિટ ના આપી. ચૌટાલાનો દાવો છે કે, ભાજપ હાઈકમાન્ડે તેમને ડબવાલીથી ચૂંટણી લડવાનું કહ્યું હતું પણ પોતે ત્યાંથી ચૂંટણી લડવા માગતા નહોતા અને ભાજપ રાણિયા બેઠક પરથી ટિકિટ આપવા તૈયાર નહોતો તેથી પોતે ભાજપ છોડી દીધો છે. ચૌટાલાએ એલાન કર્યું છે કે, હું રાણિયા વિધાનસભા બેઠક પરથી અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડીશ અને સપ્ટેમ્બરે રાણિયામાં મોટો રોડ શો કરીને ભાજપને મારી તાકાત બતાવીશ.દેશની ધનિક મહિલામાં ટોપ ટેનમાં સ્થાન ધરાવતાં સાવિત્રી જિંદાલે પણ અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. સાવિત્રી જિંદાલ ભાજપના સાંસદ નવીન જિંદાલનાં માતા છે કે જે કૉંગ્રેસ છોડીને ભાજપમાં આવ્યાં છે. આ સિવાય ફતેહાબાદની રતિયા વિધાનસભા બેઠકના ભાજપના ધારાસભ્ય લક્ષ્મણ નાપાએ ટિકિટ ન મળતાં રાજીનામું આપી દીધું છે. નાપાએ અડધી રાત્રે ભાજપ પ્રદેશ પ્રમુખ મોહનલાલ બડોલીને પોતાનું રાજીનામું મોકલી આપ્યું અને સવારે છ વાગે તો દિલ્હીમાં પૂર્વ સીએમ ભૂપેન્દ્રસિંહ હુડાના ઘરે પહોંચી જતાં નાપા કૉંગ્રેસમાં જોડાશે એ નક્કી છે.આ સિવાય ભાજપ ઓબીસી મોરચાના પ્રમુખ કર્ણદેવ કંબોજે પણ રાજીનામું આપી દીધું છે. ખુદ મુખ્ય મંત્રી નાયબસિંહ સૈની કંબોજને સમજાવવા પહોંચ્યા હતા પણ કંબોજ માનવા તૈયાર નથી. સોનીપતનાં કવિતા જૈન પણ ભાજપના ઉમેદવાર સામે અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડવાની તૈયારી કરી રહી છે. કવિતા જૈન રાજીવ જૈનનાં પત્ની છે અને સંજીવ જૈન ભૂતપૂર્વ મુખ્ય મંત્રી મનોહર લાલ ખટ્ટરના ઓએસડી હતા.બીજાં પણ ઘણાં નોંધપાત્ર નામો છે કે જેમાં હિસારના બરવાલામાં જિલ્લા કાઉન્સિલર મહંત દર્શનગિરી, હિસારના પૂર્વ મેયર ગૌતમ સરદાના, ડો.સતીશ ઢોલા, હિતરુણ જૈન, સીમા ગેબીપુર, શમશેર ગિલ, નવીન ગોયલ, સંજીવ વાલેચાએ ભાજપને રામ રામ કરી દીધા છે અને અપક્ષ લડવાની જાહેરાત કરી છે.ભાજપની છાપ એક શિસ્તબદ્ધ પાર્ટી તરીકેની છે અને તેમાં આટલા મોટા પાયે બળવો થાય એ વાત ચોંકાવનારી છે પણ તેના માટે ભાજપ જ જવાબદાર છે. ભાજપને હાથનાં કર્યાં હૈયે લાગી રહ્યાં છે એમ કહી શકાય. ભાજપે સત્તાને ખાતર કરેલા ભરતી મેળાનું આ પરિણામ છે.જે લોકો ભાજપ છોડી રહ્યા છે તેમાંથી મોટા ભાગનાં લોકો એવાં છે કે જેમને ભાજપની વિચારધારા કે શિસ્ત સાથે કંઈ લેવાદેવા નથી. બલ્કે ભાજપ સાથે જ કંઈ લેવાદેવા નહોતી પણ ભાજપ સત્તા ખાતર હાથ-પગ જોડીને તેમને લઈ આવેલો. સત્તા હતી ત્યાં સુધી એ લોકો ભાજપ સાથે રહ્યાં, હવે ભાજપ તેમને ટિકિટ નથી આપી રહ્યો ને સત્તામાં ભાગીદાર બનાવવા તૈયાર નથી એટલે ભાજપ છોડી રહ્યા છે.હરિયાણામાં ભાજપ જીતવાનો નથી એવી હવા જામેલી છે એ પણ ભાજપમાંથી મોટા પાયે રાજીનામાં પડી રહ્યાં છે તેનું એક કારણ છે. ભાજપે ૨૦૧૪ અમે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં હરિયાણામાં તમામ ૧૦ બેઠકો જીતી હતી પણ ૨૦૨૪માં ચિત્ર બદલાઈ ગયું. ૨૦૨૪માં હરિયાણાની ૧૦ બેઠકોમાંથી ૫ બેઠકો ભાજપ જીત્યો જ્યારે ૫ બેઠકો કૉંગ્રેસે જીતી છે. આ કારણે કૉંગ્રેસ જોરદાર ફોર્મમાં છે અને ભાજપ ડાઉન છે.કૉંગ્રેસ ભાજપને સત્તાથી દૂર રાખવા માટે આમ આદમી પાર્ટી સાથે જોડાણ કરવા પણ તૈયાર છે. હરિયાણા વિધાનસભાની ૯૦ બેઠકોમાંથી કૉંગ્રેસ આમ આદમી પાર્ટીને ૭ બેઠકો આપવા તૈયાર છે જ્યારે અરવિંદ કેજરીવાલની પાર્ટીને ૧૦ બેઠકો જોઈએ છે તેમાં કોકડું ગૂંચવાયું છે પણ આ સમસ્યાનો ઉકેલ આવી જશે એવું લાગે છે.હરિયાણામાં ખેડૂત આંદોલન સહિતના મુદ્દાની વ્યાપક અસર થઈ છે એ કારણે પણ ભાજપ નહી જીતે એવી હવા જામેલી છે તેથી સત્તા માટે ભાજપમાં આવેલા નેતા સત્તા છોડીને ભાગી રહ્યા છે. હરિયાણા વિધાનસભાની ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ બહુમતી નહોતી મળી.

# આરએસએસ પ્રમુખ ભાગવતનું કહીં પે નિગાહેં, કહીં પે નિશાના, શું સંઘ ભાજપમાં નવું નેતૃત્વ ઈચ્છે છે ?



**- રાહુલ ગાંધીએ તો મોદી માટે નોનબાયોલોજિકલ પીએમ વિશેષણ પ્રચલિત કરી દીધું છે, બીજી તરફ સંઘ પણ મોદી વિચારની વિરુદ્ધની વાતો કરી રહ્યું છે ભાગવતના ધારદાર વાક્બાણથી મણિપુરમાં સબ સલામત હોવાના મોદી સરકારના દાવાના લીરા ઉડી દીધા છે. ભાગવતે માણસો પોતાને ભગવાન માનવા લાગે છે એ વાત ૫૦ દિવસમાં બીજી વાર કરીને મોદીની ઝાટકણી કાઢી છે. ભાગવતે બંને વાર પોતે કોના સંદર્ભમાં વાત કરી રહ્યા છે એ કહ્યું નથી પણ સમજદાર કો ઈશારા કાફી હોતા હૈ**

ભાજપના પિતૃ સંગઠન મનાતા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા (સરસંઘચાલક) મોહન ભાગવતે પૂણેમાં આપેલા નિવેદને દેશભરમા ચર્ચા જગાવી છે. મણિપુરમાં શિક્ષણ માટે જાત ઘસી નાંખનારા સ્વયંસેવક શંકર દિનકર કાણેની જન્મશતાબ્દીના કાર્યક્રમને સંબોધન કરતાં ભાગવતે કહ્યું કે, કોઈએ પણ પોતાને ભગવાન માની લેવા જોઈએ નહીં. લોકોને તમને ભગવાન માને છે કે નહીં તેનો નિર્ણય લોકોને કરવા દેવો જોઈએ. ભાગવતે માણસો પોતાને ભગવાન માનવા લાગે છે એ વાત ૫૦ દિવસમાં બીજી વાર કરી છે. આ પહેલાં ૧૮ જુલાઈએ ઝારખંડના ગુમલામાં ગ્રામ્ય સ્તરના કાર્યકર સંવાદ કાર્યક્રમ દરમિયાન ભાગવતે કહેલું કે, માણસની મહેચ્છાનો કોઈ અંત નથી. લોકો સુપરમેન બનવા માંગે છે, પણ સુપરમેન બનીને અટકતા નથી, પછી ‘દેવતા‘, અને પછી ‘ભગવાન‘ બનવા માંગે છે પણ ‘ભગવાન‘ તો ‘વિશ્વરૂપ‘ હોવાનું કહેવાય છે. ભાગવતે બંને વાર પોતે કોના સંદર્ભમાં વાત કરી રહ્યા છે એ કહ્યું નથી પણ સમજદાર કો ઈશારા કાફી હોતા હૈ એ હિસાબે લોકો માને છે કે, ભાગવતનું નિશાન નરેન્દ્ર મોદી છે.

લોકસભા ચૂંટણી વખતે એક ટીવી ચેનલને આપેલા ઈન્ટરવ્યૂમાં આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહેલું કે, મારાં માતા હયાત હતા ત્યાં સુધી હું માનતો હતો કે હું જૈવિક રીતે જ જન્મ્યો છું પણ માતાનાં નિધન પછી મને જે અનુભૂતિઓ થઈ રહી છે તે જોતાં મને ખાતરી થઈ ગઈ છે કે, મને ઈશ્વર દ્વારા મોકલવામાં આવ્યો છે. આ ઊર્જા, આ ચેતના કોઈ બાયોલોજિકલ દેહની હોઈ શકે જ નહીં. ખુદ ઈશ્વરે મને આશીર્વાદરૂપે તે પ્રદાન કરી છે. હું જે પણ કરું છું તેમાં ઈશ્વરનું મને માર્ગદર્શન મળે છે.

કોંગ્રેસે મોદીના આ નિવેદનનો ઉપયોગ તેમના પર પ્રહાર કરવા માટે ભરપૂર પ્રમાણમાં કરી રહી છે. રાહુલ ગાંધીએ તો મોદી માટે ‘નોન બાયોલોજિકલ પીએમ‘ વિશેષણ જ પ્રચલિત કરી દીધું છે અને મોદીનો ઉલ્લેખ ‘નોન બાયોલોજિકલ પીએમ‘ તરીકે જ કરે છે. સંઘ અને ભાજપ એક સિક્કાની બે બાજુ જેવાં છે તેથી સંઘ ખુલ્લેઆમ રાહુલની જેમ પ્રહાર ના કરે પણ સંઘના વડા પોતે ૫૦ દિવસના ગાળામાં બીજી વાર માણસની પોતાને ભગવાન ગણાવવાની માનસિકતા વિશે વાત કરે એ અકારણ તો ના જ હોય તેથી ભાગવતના નિવેદનને ‘કહીં પે નિગાહેં કહીં પે નિશાના‘ તરીકે જોવાઈ રહ્યું છે.

ભાગવતે સ્પષ્ટ રીતે કશું કહ્યું નથી પણ તેમના નિવેદનનું એવું અર્થઘટન કરાઈ રહ્યું છે કે, સંઘ ભાજપમા નેતૃત્વ પરિવર્તન ઈચ્છે છે, નરેન્દ્ર મોદીના સ્થાને નવી નેતાગીરીના હાથમાં ભાજપનું સુકાન જાય એવું ઈચ્છે છે. સાથે સાથે સંઘ સ્પષ્ટ મેસેજ આપી રહ્યો છે કે, ભાજપ સરકાર પોતાને મનફાવે એ રીતે વર્તે ને સંઘ ચૂપ રહેશે એવું હવે બનવાનું નથી.

લોકસભાની ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ બહુમતી ના મળી પછી સંઘ સતત મોદી પર પ્રહારો કરી રહ્યો છે. ભાગવત પોતે તો આડકતરી રીતે ભાજપના નેતૃત્વની ટીકા કરી જ રહ્યા છે પણ સંઘનાં મુખપત્ર તથા બીજા નેતા પણ સતત પ્રહારો કરી રહ્યા છે અને ભાજપની નીતિઓથી વિરૂધ્ધ વલણ ખુલ્લેઆમ લઈ રહ્યા છે તેના કારણે આ અર્થઘટન કરાઈ રહ્યું છે.

હજુ આ અઠવાડિયે જ સંઘે ત્રણ મુદ્દે ભાજપ અને મોદી સરકારથી સાવ સામા છેડાનું વલણ અપનાવીને ભાજપનો પોપટ કરી નાંખ્યો હતો. મોદી સરકાર જ્ઞાાતિ આધારિત વસતી ગણતરીની વિરૂદ્ધ છે પણ સંઘે કેરળની સમન્વય બેઠક પછી જ્ઞાાતિ આધારિત વસતી ગણતરીની ખુલ્લેઆમ તરફેણ કરી. કોલકાત્તામાં આર.જી. કાર હોસ્પિટલમાં ટ્રેઈની ડોક્ટર યુવતી પર બળાત્કાર અને હત્યાના મુદ્દે ભાજપ મમતા બેનરજી સરકારને સસ્પેન્ડ કરીને રાષ્ટ્રપતિ શાસન લાદવાની માગ કરી રહ્યો છે ત્યારે ભાજપે લોકશાહી ઢબે ચૂંટાયેલી મમતા બેનરજી સરકારને સસ્પેન્ડ કરવી લોકશાહીનું અપમાન હશે એવું કહીને તેનો વિરોધ કર્યો છે.

મણિપુરમાં સ્થિતી સામાન્ય થઈ રહી હોવાના મોદી સરકારના દાવાના પણ મોહન ભાગવતે પોતે ધજાગરા ઉડાવી દીધા છે. પૂણેના જે કાર્યક્રમમાં ભાગવતે મોદી પોતાને ભગવાન માનવા માંડયા છે તેની ઝાટકણી કાઢી એ જ કાર્યક્રમમાં તેમણે સાફ શબ્દોમાં કહ્યું છે કે, મણિપુરમાં લોકો સુરક્ષિત નથી અને બહારનાં લોકો તો જઈ શકે એવી સ્થિતીમાં જ નથી. ભાગવતે લોકસભાની ચૂંટણીનાં પરિણામો પછી પણ મોદી અને ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. ભાગવતે જૂનમાં સંઘના સ્વયંસેવકોના કારોબારી વિકાસ વર્ગ-૨ના સમાપન ભાષણમાં પહેલી વાર રાજકીય નિવેદન આપીને કહેલું કે, દેશને નિઃસ્વાર્થ સેવા અને સાચી સેવાની જરૂર છે. મર્યાદાનું પાલન કરે તેમનામાં અહંકાર હોતો નથી અને એ લોકો જ સેવક તરીકે ઓળખાવાના અધિકારી છે. મોદી પોતાને પ્રધાન સેવક ગણાવે છે તેથી ભાગવતે આડકતરી રીતે મોદીના સંદર્ભમાં આ વાત કહી હતી.

ભાગવતે લોકસભાની ચૂંટણીમાં ભાજપના પ્રચારની પણ ઝાટકણી કાઢી હતી. ભાગવતે કહેલું કે, ટેકનોલોજીની મદદથી જૂઠાણાં ફેલાવવાં યોગ્ય નથી. ચૂંટણીની એક મર્યાદા હોવી જોઈએ પણ આ વખતે એ મર્યાદા જોવા નહોતી મળી. ભાગવતે ત્યાં સુધી કહ્યું કે, ચૂંટણી યુદ્ધ નહીં પણ સ્પર્ધા છે પણ આ વખતે સમાજમાં નફરત પેદા કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ભાગવતે તો કોંગ્રેસ સહિતના પક્ષો સંસદમાં પોતાના વિચારો વ્યક્ત કરે તો તેનું પણ સન્માન કરવું જોઈએ એવી સલાહ આપી હતી.

સંઘના બીજા નેતાઓએ પણ આવાં નિવેદનો આપ્યાં છે. ઈન્દ્રેશકુમારે ભાજપને ‘અહંકારી‘ ગણાવીને કહેલું કે, જે લોકોમાં રામભક્તિ હતી તેમાનામાં ધીરેધીરે અહંકાર આવી ગયો તેથી ભગવાન રામે તેમને ૨૪૦ બેઠકો પર રોકી દીધા. કેરળમા મળેલી સમન્વય બેઠક પછી ભાજપ સાથે મતભેદો હોવાનું પણ સંઘે પહેલી વાર સ્વીકાર્યું.

આ ઘટનાક્રમ જોતાં સંઘ ભાજપમાં નવું નેતૃત્વ ઈચ્છે છે એવા અર્થઘટનને સ્પષ્ટ રીતે નકારી શકાય તેમ નથી. સંઘે ભાજપ સાથેના મતભેદો પરિવારનો આંતરિક મામલો છે એવું પણ કહ્યું છે તેના પરથી સંઘ ભાજપ સાથેના સંબંધો પર પૂર્ણવિરામ નથી મૂકવા માગતો એ પણ સ્પષ્ટ છે તો બચ્યું કોણ ?લોકસભા ચૂંટણી પછી સંઘના મુખપત્રે પણ ભાજપને ઝાટકી નાંખેલોલોકસભાની ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ બહુમતી ના મળી પછી આરએસએસના મુખપત્ર ‘ઓર્ગેનાઈઝર‘માં પણ રતન શારદાએ લખેલા લેખમાં ભાજપના નેતાઓની ટીકા કરવામાં આવી હતી. ઓર્ગેનાઈઝરે લખ્યું હતું કે, લોકસભા ચૂંટણીનાં પરિણામોએ ભાજપના અતિ આત્મવિશ્વાસી નેતા-કાર્યકરોને આઈનો બતાવ્યો છે. ભાજપમાં દરેક માણસ ભ્રમમાં હતો અને કોઈએ લોકોનો અવાજ સાંભળ્યો જ નહીં. આ લેખમાં ભાજપના નેતા-કાર્યકરો સામાન્ય લોકો સાથે સંપર્ક ગુમાવી બેઠા હોવાનો આક્ષેપ પણ કરાયો હતો. ભાજપ પોતાના અહંકાર અને અતિ આત્મવિશ્વાસના કારણે હાર્યો હોવાનું સ્પષ્ટ રીતે લખાયું હતું. સંઘે તેનું આ વલણ ચાલુ રાખ્યું છે તેનું કારણ જે.પી. નડ્ડાના નિવેદને સંઘના સ્વયંસેવકોમાં ઉભી કરેલી નારાજગી છે. નડ્ડાએ ઈન્ડિયન એક્સપ્રેસને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, ભાજપ હવે પોતની રીતે પોતાન નિર્ણયોલઈ શકે છે અને પોતાની રીતે બધું હેન્ડલ કરવા માટે સક્ષમ છે તેથી ભાજપને હવે સંઘની જરૂર નથી.સંઘના સ્વયંસેવકોના મતે, નડ્ડા ક્યા ખિલાના જોરે આ કૂદાકૂદ કરી ગયા એ સૌ જાણે છે. આ સંજોગોમાં સંઘે ભાજપને તેની હૈસિયત બતાવવી જ જોઈએ.સંઘે ૨૦૦૪નાં પરિણામો પછી પણ ભાજપ સામે આક્રમક વલણ લીધેલું

સંઘ-ભાજપના કેટલાક નેતા હાલની સ્થિતીને ૨૦૦૪ની સ્થિતી સાથે સરખાવી રહ્યા છે. ૨૦૦૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપની હાર પછી સંઘના તત્કાલિન વડા કે.એસ. સુદર્શને એનડીટીવીને આપેલા ઈન્ટરવ્યૂમાં અટલ બિહારી વાજપેયી અને લાલકૃષ્ણ અડવાણીની ખુલ્લેઆમ ટીકા કરી હતી.

સુદર્શને સાફ શબ્દોમાં કહેલું કે. વડા પ્રધાન તરીકે વાજપેયીના કાર્યકાળમાં કેટલાક સારા નિર્ણયો લેવાયા પણ તેમણે બધાની સાથે હળીમળીને કામ ના કર્યું. વિશ્વ હિંદુ પરિષદ, બજરંગદળ, અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ, ભારતીય મજદૂર સંઘ સાથે તેમણે સંવાદ બંધ કરી દીધો હતો. હવે વાજપેયી અને અડવાણીએ સંન્યાસ લઈ લેવો જોઈએ અને નવી નેતાગીરીને તક આપવી જોઈએ. સુદર્શને સરકારી કામકાજમાં દખલ દેવા માટે વાજપેયીના જમાઈ રંજન ભટ્ટાચાર્યની પણ ટીકા કરી હતી.

ભાગવત સીધું કોઈનું નામ નથી લઈ રહ્યા. મોદી હજુ વડાપ્રધાન હોવાથી ભાગવત હોદ્દાની ગરિમા જાળવી રહ્યા છે પણ તેમની વાતોનો સૂર સુદર્શન જેવો જ છે. સંઘ પરિવારનાં સંગઠનોની અવગણના કરાતી હોવા સહિતના મુદ્દા પણ એ જ છે.

# પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, સુરત ગ્રામ્ય અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી, સુરત પ્રેરિત સાયબર જાગૃતિ અર્થે બ્લોક રિસોર્સ સેન્ટર ઓલપાડ દ્વારા તાલુકા કક્ષાની વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી



**(પ્રતિનિધિ દ્વારા, ઓલપાડ)** : પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, સુરત ગ્રામ્ય અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી, સુરત દ્વારા સાયબર જાગૃતિ અર્થે સુરત જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં સ્કૂલ એકિટવેશન પ્રોગ્રામ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવા અંગેનાં પરિપત્ર અનુસાર આજરોજ બ્લોક રિસોર્સ સેન્ટર, ઓલપાડ દ્વારા તાલુકા કક્ષાની વિવિધ સ્પર્ધાઓનું આયોજન અત્રેની ઓલપાડમુખ્ય પ્રાથમિક શાળા ખાતે કરવામાં આવ્યું હતું."Think, befroe you click" ની થીમ પર યોજાયેલ આ સ્પર્ધાઓમાં સી.આર.સી. કક્ષાએ વિજેતા વિધાર્થીઓ તેમજ શિક્ષકોએ સહર્ષ ભાગ લીધો હતો. પ્રારંભે બી. આર. સી. કો-ઓર્ડિનેટર બ્રિજેશ પટેલે સૌને આવકારી સ્પર્ધાનો ચિતાર રજૂ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે શાળાનાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોનાં માધ્યમ થકી ગ્રામ્ય વિસ્તારનાં નાગરિકો સાયબર ક્રાઈમની વિવિધ મોડ્સ ઓપરેન્ડીથી માહિતગાર થાય અને તે સાથે લોકો ડિજિટલ પ્લેટફોર્મનો વધુમાં વધુ સલામત રીતે ઉપયોગ કરે અને સાયબર ક્રાઈમનો ભોગ ન બને તે આ સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ છે.

આ પ્રસંગે ખાસ ઉપસ્થિત ઓલપાડ પોલીસ સ્ટેશનનાં એ.એસ.આઈ. હિંમતભાઈ ખાંટ તથા એલ. આર. ડી. જવાન વિશાલ ભાઈએ સૌ સ્પર્ધકોને માર્ગદર્શિત કરતાં જણાવ્યું હતું કે આજનાં ટેક્નોલોજીનાં યુગમાં આંગળીનાં ટેરવે બનતી ગુનાખોરી એટલે સાયબર ક્રાઈમ. મોબાઈલ, કોમ્પ્યુટર, ટેબલેટ, લેપટોપ દ્વારા ઈન્ટરનેટનાં માધ્યમથી કાયદા-કાનૂનનો ભંગ કરીને થતી છેતરપીંડી અને અપરાધ સામે રક્ષણ આપવા માટે ગુજરાત પોલીસનો સાયબર ક્રાઈમ સેલ હવે અત્યાધુનિક કંટ્રોલરૂમનાં માધ્યમથી આપ સૌને મદદરૂપ થવા સુસજ્જ બન્યો છે. આ તકે તેમણે સમગ્ર જિલ્લાને સાયબર સેફ જિલ્લો બનાવવા અંગે આશા વ્યક્ત કરી હતી.

ખૂબ જ ઉત્સાહભર્યા માહોલમાં સંપન્ન થયેલ આ સ્પર્ધાનાં પરિણામ નીચે મુજબ ઘોષિત થયાં હતાં. વિધાર્થી વિભાગમાં ચિત્ર સ્પર્ધા- મિષા પટેલ (કુંદિયાણા), રંગોળી- અંશિકા યાદવ (અસ્નાબાદ), એક મિનિટ વિડીયો- વિકાસ દંતાણી (ઓલપાડમુખ્ય), મૂક નાટકમાં કુંદિયાણા પ્રાથમિક શાળા, યુવા એમ્બેસેટર સ્પર્ધા- કિર્તિ સાવંત (ઓલપાડમુખ્ય) જ્યારે શિક્ષક વિભાગમાં કાવ્યલેખન- જાગૃતિ પટેલ (પરીયા), રંગોળી- ચંપા આહિર (અરીયાણા), એક મિનિટ વિડીયો- કિરીટ સુરતી (અરીયાણા), એકપાત્રિય અભિનયમાં રેખા પટેલ (કઠોદરા) પ્રથમ ક્રમે વિજેતા જાહેર થયાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઓલપાડ બ્રાન્ચ પ્રાથમિક શાળાનાં ઉપશિક્ષક રાજેશ પટેલે કર્યુ હતું. કાર્યક્રમને સફળ બનાવવા યજમાન શાળાનાં આચાર્યા કૈલાશ વરાછીયા તથા સી.આર.સી. કો-ઓર્ડિનેટર હર્ષદ ચૌહાણે જહેમત ઉઠાવી હતી. વિજેતા સ્પર્ધકો હવે જિલ્લા કક્ષાએ ઓલપાડ તાલુકાનું પ્રતિનિધિત્વ કરશે. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

# ઉચ્છલના સાકરદા ગામેથી મહારાષ્ટ્ર નવાપુરમાં નોંધાયેલ પ્રોહીબિશનના ગુન્હામાં નાસતો ફરતો વોન્ટેડ આરોપીને પકડી પાડતી એલ. સી. બી. તાપી



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા)** : આજરોજ શ્રી એન.જી. પાંચાણી, ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર, એલ.સી.બી. તાપીની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ એ. એસ. આઇ. જગદીશભાઇ જોરારામ ભાઈ એલ.સી.બી. તાપી, એલ.સી.બી./પેરોલ ફર્લો સ્કોર્ડ તાપીના પોલીસ માણસો સાથે સોનગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા. તે દરમ્યાન અ.હે.કો જયેશભાઈ લીલકીયાભાઈ તથા અ.પો.કો. રવિન્દ્રભાઈ મહેન્દ્રભાઈને મળેલ બાતમી આધારે ઉચ્છલના સાકરદા ગામના હાઈવે બ્રિજ નીચેથી મહારાષ્ટ્ર રાજ્યના નંદુરબાર જીલ્લાના નવાપુર પોલીસ સ્ટેશનમા નોંધાયેલ મહારાષ્ટ્ર દારુબંધી અધીનીયમ કલમ ૬૫ઈ,૮૩,૧૦૮ મુજબના ગુનાના કામે સંડોવાયેલ વોન્ટેડ આરોપી- રાજેશભાઈ રામજીભાઈ ગામીત ઉ.વ ૩૭ રહે,ઉમરકચ્છ ગામ ડુંગરી ફળીયું તા. ડોલવણ જી.તાપીને આજે તા.૦૨/૦૯/૨૦૨૪ ના રોજ પકડી પાડતા કાયદેસરની કાર્યવાહી કરી આરોપીને આ ગુનાના કામે અટક કરવામાં આવેલ છે.કામગીરી કરનાર ટીમ :-ઈન્ચાર્જ પો.ઈન્સ.શ્રી એન.જી. પાંચાણી એલ. સી. બી. તાપીની સુચનાથી એ. એસ. આઇ. જગદીશભાઇ જોરારામ ભાઈ, અ.હે.કો. અનિરૂધ્ધસિંહ દેવસિંહ, અ.હે.કો. જયેશભાઇ લીલકીયાભાઇ, અ. પો. કો. પ્રકાશભાઈ રામાભાઈ, અ. પો. કો. રવિન્દ્રભાઈ મહેન્દ્ર ભાઇ, અ.પો.કો. રાહુલભાઈ દિગંબર ભાઈએ કામગીરી કરેલ છે.


# માંડવી તાલુકાનાં મોટીચેર ખાતે નવનિર્મિત બોક્સ કલ્વર્ટ તેમજ આઈ.ટી.આઈ. ઇંદુ ગામ, વ્યારા ખાતે સ્થાપિત એડવાન્સ્ડ એલેક્ટ્રિશિયન લેબ અને ડ્રોન-પાયલટ ટ્રેડ લેબનું ઉદ્ઘાટન



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા)** : ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ, કાકરાપાર અણુવિદ્યુત મથકની કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (સી એસ આર) યોજના અંતર્ગત રૂ.૭૬.૫૦ લાખના ખર્ચે માંડવી તાલુકાનાં મોટીચેર (ચચરી ફળિયા) ખાતે નવનિર્મિત બોક્સ કલ્વર્ટ તેમજ ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ઇન્દુ ગામ, તા.વ્યારા, જિ.તાપી ખાતે રૂ.૨૬.૫૦ લાખના ખર્ચે "એડવાન્સ્ડ ઈલેક્ટ્રિશિયન લેબ" અને રૂ.૧૯.૫૦ લાખના ખર્ચે "ડ્રોન પાયલટ ટ્રેડ લેબ" ની સ્થાપના કરવામાં આવી છે.મોટીચેર(ચચરી ફળિયા) ખાતે નવનિર્મિત બોક્સ કલ્વર્ટનું લોકાર્પણ તારીખ ૦૨/૦૯/૨૦૨૪ ના રોજ ડાયરેકટર(પ્રોજેક્ટ્સ), એનપીસીઆઈએલ, મુંબઈ શ્રી રંજય શરણ, ના વરદ્ હસ્તે અને કાકરાપાર અણુવિદ્યુત મથકના સાઈટ ડાયરેક્ટર શ્રી એન. કે. મીઠારવાલ, સ્ટેશન ડાયરેક્ટર શ્રી એ. કે. ભોલે, ચીફ એંજિનિયર શ્રી પી.કે. ઘોષ, ચેરમેન સીએસઆર શ્રી એન.જે. કેવટ, એડી. ચીફ એંજિનિયર શ્રી બી. શ્રીધર, સભ્ય સચિવ સીએસઆર શ્રી અરવિંદ એલ. ભટ્ટ, એપીઆરઓ શ્રી ઈતેશ એન. ગામીત તેમજ મોટીચેર ગામના સરપંચ શ્રીમતી પ્રતિક્ષાબેન ચૌધરી, શ્રી દીપકભાઈ ચૌધરી, ગ્રામ પંચાયત કમિટી સભ્યો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ઈન્દુ ગામ, તા.વ્યારા, જિ.તાપી ખાતે સ્થાપિત "એડવાન્સ્ડ ઈલેક્ટ્રિશિયન લેબ" અને "ડ્રોન પાયલટ ટ્રેડ લેબ" નું લોકાર્પણ તારીખ ૦૨/૦૯/૨૦૨૪ ના રોજ ડાયરેકટર(પ્રોજેક્ટ્સ), એનપીસીઆઈએલ, મુંબઈ શ્રી રંજય શરણ, ના વરદ્ હસ્તે અને કાકરાપાર અણુવિદ્યુત મથકના સાઈટ ડાયરેક્ટર શ્રી એન. કે. મીઠારવાલ, સ્ટેશન ડાયરેક્ટર શ્રી એ. કે. ભોલે, ચીફ એંજિનિયર શ્રી પી.કે. ઘોષ, ચેરમેન સીએસઆર શ્રી એન.જે. કેવટ, સભ્ય સચિવ, સીએસઆર શ્રી અરવિંદ એલ. ભટ્ટ, એપીઆરઓ શ્રી ઈતેશ એન. ગામીત અને શ્રી એમ. એસ. પટેલ, આચાર્ય (વર્ગ-૧), સુશ્રી એસ. એ. ચૌધરી, આચાર્ય(વર્ગ-૨), અને ઔદ્યોગિક તાલીમ સંસ્થાનો સ્ટાફ અને તાલીમાર્થી ઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું.

# ડાંગ જિલ્લાનાં સાપુતારાની એકલવ્ય મોડેલ રેસિડેન્સીયલ સ્કૂલ શાળાનાં મટકીફોડનાં ઇજાગ્રસ્ત વિદ્યાર્થીનાં પ્રકરણમાં નવો વળાંક આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે



**(અર્જુન જાધવ દ્વારા, વઘઈ)** : તા. ૦૫-૦૯-૨૦૨૪ ડાંગ જિલ્લાનાં ગિરિમથક સાપુતારા ખાતેની એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલમાં મટકી ફોડ કાર્યક્રમમાં પડી ગંભીર ઈજાગ્રસ્ટ થયેલ વિદ્યાર્થીનાં પ્રકરણમાં નવો વળાંક આવ્યો છે. આ વિદ્યાર્થીનાં વાલીએ શાળા સંચાલકોની બેદરકારી સાથે હોસ્પિટલનાં ખર્ચનો વળતર માટે મુખ્યમંત્રી સહીત ઉચ્ચ કક્ષાએ ફરિયાદ કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે. મળતી માહિતી મુજબ ગત ૨૬મી ઓગસ્ટે જન્માષ્ટમી નિમિતે એકલવ્ય મોડેલ રેસીડેન્સીયેલ સ્કૂલ સાપુતારા ખાતે શાળા સંચાલકો દ્વારા સુરક્ષાનાં કોઈ સાધનો કે તકેદારી રાખ્યા વગર જ મટકીફોડ કાર્યક્રમ આયોજીત કર્યો હતો. જેમાં ધોરણ ૧૨માં અભ્યાસ કરતો આદિવાસી વિદ્યાર્થી જીતેશભાઈ ધૂમ નીચે પટકાતા ગંભીર ઈજા થવા સાથે પગમાં ત્રણ ફેક્ચર થયા હતા. આ ઘટનામાં વિદ્યાર્થીનાં વાલીએ શાળા સંચાલકો સામે બેદરકારી અને સુરક્ષાની કમી હોવા ઉપરાંત તેમનો દીકરો મટકી ફોડ કાર્યક્રમમાં રાજી ન હોવા છતાં પરાણે ભાગ લેવા મજબુર કરી તેમણે મટકી ફોડમાં ભાગ લેવડાવી પગમાં ફેક્ચર કર્યાનો ગંભીર આરોપ લગાવ્યો છે. આ વિદ્યાર્થીનાં વાલીએ એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ સાપુતારા નાં સંચાલકો અને આચાર્ય દ્વારા વિદ્યાર્થીના વાલીને ઘટના સમયે શાળાનાં સ્ટાફે ગેરમાર્ગે દોરી વિદ્યાર્થી ને ચક્કર આવી પડી જતા સામાન્ય ઇજા થઈ હોવાનું અને તેમને વલસાડ કે અન્ય જિલ્લામાં જ સારવાર માટે લઈ જવા દબાણ કર્યું હોવાનું મુખ્યમંત્રી ને કરેલ ફરિયાદમાં ઉલ્લેખ કરતા એકલવ્ય શાળાના સંચાલકોની કરતૂતનો પર્દાફાશ થયો છે. તેમણે શાળા સંચાલકો સામે બેદરકારીનો આક્ષેપ કરી તેમના દીકરાને કાયમી ખોડ ખાંપણ અને ઓપરેશન માટે ૯૦ હજાર રૂપિયાનો જંગી ખર્ચ ભોગવવા સાથે યાતનાનો ભોગ બનેલ હોય તેની યોગ્ય વળતર માટે પણ માંગ કરી છે. તેમજ મટકી ફોડ કાર્યક્રમમાં શાળા સંચાલકો દ્વારા કરવામાં આવેલી બેદરકારી સામે સાંબધિત અધિકારીઓ સામે પણ કડક કાર્યવાહીની માંગ કરતા શાળા સંચાલકોમાં ફફડાટ મચી જવા પામ્યો છે. ત્યારે સમગ્ર બાબતે તટસ્થ તપાસ હાથ ધરી શાળા સંચાલકોની બેદરકારીનો ભોગ બનેલ વિદ્યાર્થીનાં વાલીને યોગ્ય વળતર સાથે ન્યાય મળે તે જરૂરી બની ગયુ છે. ત્યારે રાજ્યનાં મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ડાંગનાં આદિજાતિનાં ગરીબ દીકરા માટે સંવેદના દાખવી કસૂરવારો સામે કડક પગલા ભરે તેવી માંગ ઉઠવા પામી છે..

# વ્યારા નગરપાલિકામાં સફાઈ અભિયાનની સાથોસાથ મચ્છરોના ઉપદ્રવને નાથવા કામગીરી હાથ ધરાઈ



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા)** : તાપી જિલ્લામાં ગત રોજ પડેલા ભારે વરસાદ બાદ મચ્છરજન્ય રોગચાળો અને અન્ય બિમારિઓ ન ફેલાય તે માટે અગમચેતીના ભાગરૂપે જિલ્લા કલેકટરશ્રી ડો.વિપિન ગર્ગના માર્ગદર્શન હેઠળ સમગ્ર જિલ્લામાં સફાઈ અભિયાનની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે.આજે સવારથી વ્યારાનગર પાલિકાની ટીમ વ્યારાને સ્વચ્છ અને રોગ મુક્ત બનાવવાના અભિયાનમાં જોડાઇ ગઈ હતી.વ્યારા નગરપાલિકાની ટિમ દ્વારા વિવિધ વિસ્તારોમાં ગત રોજ ભારે વરસાદના પગલે ભરાઇ ગયેલા કચરા-પાણીનો નિકાલ કરવમાં આવ્યો હતો.જે વિસ્તારના રોડ-રસ્તા અને શેરીઓમાં કાદવ કિંચડના પડ જામ્યા હતા ત્યા પાણીના ટેંકર મારફતે ધોવામાં આવ્યું હતું. સફઈ બાદ આરોગ્યની દરકાર રાખી વિવિધ રોગચાળા સામે વ્યારાનગર વાસીઓને રક્ષણ પુરું પાડવા જાહેર રસ્તાઓ અને સોસાયટીઓમાં મચ્છરોના ઉપદ્રવને નાથવા દવાઓનો છંટકાવ, અને પાઉડર છંટકાવની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.

# તાપી જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલમાં પ્રવેશ પ્રકિયા અંતર્ગત અંડર-૧૫ વયજુથના ખેલાડીઓ માટે હાઇટ હંટ કશોટીનું આયોજન

**પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા ઇચ્છુક ખેલાડીઓ આગામી ૯ થી ૧૧ સપ્ટેમ્બ સુધી જન્મનો દાખલો અને આધાર કાર્ડના પુરાવા સાથે ઉપસ્થિત રહેવું**



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા)** જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલમાં પ્રવેશ પ્રકિયા અંતર્ગત અંડર-૧૫ વયજુથના ખેલાડીઓ માટે હાઈટ હંટ કસોટી આગામી ૯ થી ૧૧ સપ્ટેમ્બ સુધી તાપી જિલ્લા વુમન્સ હોસ્ટેલ, આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ કંપાઉંડ ખાતે યોજાશે.સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત રાજય ગાંધીનગર દ્વારા સંચલિત જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલ યોજના અંતર્ગત હાઇટના આધારે અંડર-૧૫ વયજુથના ખેલાડી એટલે કે તા. ૦૧. ૦૧.૨૦૦૯ પછી જન્મેલા ભાઇ તથા બહેનો માટે પસંદગી પ્રકિયાનું આયોજન કરવામાં આવેલ છે.હાઈટ હંટના માપદંડ મુજબ (૧) ૧૨ વર્ષની ઉંમરના ભાઈઓની ઉંચાઇ ૧૬૬+ અને બહેનોની ૧૬૧+ (૨) ૧૩ વર્ષના ભાઈઓની ઉંચાઇ ૧૭૧+ જયારે બહેનોની ૧૬૪+ (૩) ૧૪ વર્ષના ભાઈઓની ઉંચાઇ ૧૭૭+ અને બહેનો માટે ૧૬૯+ (૪) ૧૫ વર્ષના ભાઈઓની ઉંચાઇ ૧૮૨+ અને બહેનોની ઉંચાઈ ૧૭૧+ ઉંમર પ્રમાણે હોવી જોઈએ.પસંદગી પ્રક્રિયામાં ભાગ લેવા ઈચ્છતા ઉમેદવાઓએ જન્મનો દાખલો અને આધાર કાર્ડના પુરાવા સાથે (મુળ ગુજરાતના નિવાસી ખેલાડી માટે) તા.૦૯/૦૯/૦૨૦૨૪ થી ૧૧/૦૯/૨૦૨૪ વચ્ચે કોઇ પણ દિવસે સવારે ૯:૦૦ વાગ્યા થી બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધીમાં વુમન્સ હોસ્ટેલ, આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ કંપાઉંડ ખાતે ઉપસ્થિત રહેવા અને યોજના વિશે વધુ જાણકારી માટે કન્વીનર મનિષાબેન જેસિંગ ભાઈ વસાવા મોં નં ૮૭૫૮૦૪૯૩૨૯ પર સંપર્ક કરવાનો રહેશે એમ જિલ્લા રમત વિકાસ અધિકારીની અખબારી યાદીમાં જણાવાયું છે.

## તાપી જિલ્લાની વિવિધ આઈ.ટી.આઈ.માં પ્રવેશ માટે 30 સપ્ટેમ્બર સુધી અરજી કરી શકાશે

**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા)** તા.૦૫- શ્રમ, કૌશલ્ય વિકાસ અનેરોજગાર વિભાગ, ગાંધીનગર દ્વારા સંચાલિત તાપી જિલ્લાની વિવિધ આઈ.ટી.આઈ.ઓ (વ્યારા, વાલોડ, ઉકાઈ, ઉચ્છલ, કુકરમુંડા, નિઝર, ડોલવણ) ખાતે પ્રવેશ સત્ર -૨૦૨૪ માં વિવિધ વ્યવસાયો / ટ્રેડોની ખાલી રહેલ બેઠકો માટે ચોથા રાઉન્ડ (વહેલા-તે-પહેલાના ધોરણે)ની પ્રવેશ પ્રક્રિયા તા.૩૦-૦૯-૨૦૨૪ સુધી લંબાવવામાં આવેલ છે. પ્રવેશ મેળવવા માટે ઈચ્છુક ઉમેદવારોને જરૂરી પ્રમાણપત્રો સાથે નજીકની આઈ.ટી.આઈ. ખાતે રૂબરૂ જઈ પ્રવેશ મેળવી લેવા જણાવવામાં આવે છે. વધુ માહિતી માટે નજીકની આઈ.ટી.આઈ. નો રૂબરૂ સંપર્ક કરવા જિલ્લા કૌશલ્ય વિકાસ અધિકારી, વ્યારા-તાપીની અખબાર યાદીમાં જણાવાયું છે.